**COVID-19ના સંક્રમણને ધ્યાને લઇ સગર્ભા સ્ત્રીઓ તેમજ (સ્તનપાન કરાવતી) ધાત્રી માતાઓને કોરોના અંતર્ગત કામગીરીમાંથી બાકાત રાખવા બાબત**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃ એનસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૨/ગ. (પા.ફા.)
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ૦૫/૦૮/૨૦૨૦

**વંચાણે લીધા: ભારત સરકારની તા.૧૮/૦૭/૨૦ ની માર્ગદર્શીકા**

પ્રસ્તાવનાઃ-

૨. કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા તેમજ તેને અટકાવવા અને નિયંત્રણની કામગીરી ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના તાઃ૧૩-03-૨૦૨૦ના જાહેરનામાથી ધી ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન- ૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે.

3. કેન્દ્ર સરકાર ધ્વારા COVID-19ની કામગીરી સંદર્ભે તા. ૧૮/૬/૨૦૨૦ની ગાઇડલાઇન "Advisory for Managing Health Care workers working in covid and Non-Covid areas of the Hospital" ની પેરા નં-૪ આરોગ્ય કર્મીઓને અનુસરવાની બાબતના સબ-પેરા(૬)માં જે સગર્ભા તથા સ્તનપાન કરાવતી આરોગ્યંકર્મીઓ તેઓની સ્વાસ્થય **વિષયક જાણકારી હોસ્પિટલ ઓથોરિટીને કર્યા બાદ** આવી સગર્ભા તથા સ્તનપાન કરાવતી ધાત્રી માતાઓને કોવિડની કામગીરી સિવાયની કામગીરી આપવા સુચન કરેલ છે. જે ધ્યાને લેતાં સગર્ભા સ્ત્રીઓના સ્વાસ્થય તથા ધાત્રી માતાઓ તથા તેઓના નવજાત શીશુની સ્વાસ્થય સબંધીત કાળજી લેવા અંગે આગમચેતી રૂપ પગલાં લેવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>હુકમ:</u>

ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં કોવિડ હોસ્પિટલોમાં કામગીરી બજાવતી અને સગર્ભા / ધાત્રી માતાઓને કોરોના સંક્રમિત દર્દીઓના સીધા સંપર્કમાં ન આવવું પડે તે હેતુથી તથા સગર્ભા માતા અને તેના ગર્ભસ્થ શીશુનું સ્વાસ્થય જળવાય તેમજ ધાત્રી માતાઓ થકી નાના બાળકોમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે હેતુથી દરેક ડેઝીગ્નેટેડ કોવિડ હોસ્પિટલ/ડેડીકેટેડ કોવીડ હેલ્થ કેર સેન્ટર/કોવીડ કેર સેન્ટરના પ્રશાશને સગર્ભા

માતાઓ/ સ્તનપાન કરાવતી ધાત્રીમાતાઓને કોવિડ- વોર્ડ સિવાયની કામગીરી સોંપવાની વ્યવસ્થા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપસચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

નકલ રવાના:

1. અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અંગત સચિવશ્રી, માન.નાયબ મુખ્યમંત્રીશ્રી (આ) નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (આ) નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
4. સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
5. સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
6. સર્વે વિભાગના સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ તથા અધિક મુખ્ય સચિવશ્રીઓ
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
8. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.
10. તમામ અધિક નિયામકશ્રી,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
11. તમામ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ
12. તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેડીકલ ઑફીસર હેલ્થ
13. માહિતિ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય. બ્લોકનં.૧૯, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિદ્ધિ અર્થે.